સુરત જિલ્લા પંચાયતમાં કારોબારી અધ્યક્ષ બ્રીજેશ પટેલને બનાવાયા

સુરત જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય સભામાં વિવિધ સમિતિઓના અધ્યક્ષોની જાહેરાત

શિક્ષણ સમિતિમાં હાર્દિક પટેલ અને અપીલ સમિતિમાં સમીર મોદી અધ્યક્ષ

સુરતઃ સુરત જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય સભા દરમિયાન વિવિધ સ્થાયી સમિતિઓના નવા અધ્યક્ષોની જાહેરાત કરવામાં આવી હતી. કારોબારી સમિતિ માટે બ્રીજેશ પટેલને અધ્યક્ષ બનાવાયા. સભાની શરૂઆતમાં જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદીએ તમામ ચૂંટાયેલા સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો અને આગામી પાંચ વર્ષ દરમિયાન સૌ સાથે મળીને એક ટીમ તરીકે કાર્ય કરવાની અપીલ કરી હતી.

પ્રમુખ સમીર મોદીએ જણાવ્યું હતું કે જિલ્લાના સર્વાંગી વિકાસ માટે રોડ-રસ્તા, પીવાના પાણીની સુવિધા, શિક્ષણ, આરોગ્ય, રોજગારી અને ખેડૂતોના હિતના પ્રશ્નોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તમામ સભ્યોના સહયોગથી સુરત જિલ્લાને વિકાસના ક્ષેત્રમાં ગુજરાત માટે એક આદર્શ જિલ્લો બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. સભા દરમિયાન જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના અધ્યક્ષોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે બ્રીજેશ પટેલ, જાહેર આરોગ્ય સમિતિના અધ્યક્ષ તરીકે નૈષધ રાઠોડ, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષ તરીકે નિરવ લાડ અને શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે હાર્દિક પટેલની પસંદગી કરવામાં આવી હતી. સભામાં અન્ય મહત્વપૂર્ણ હોદ્દાઓની પણ જાહેરાત કરવામાં આવી હતી. જેમાં શાસકપક્ષના નેતા તરીકે હર્ષદ પટેલની પસંદગી કરવામાં આવી હતી. જ્યારે દંડક તરીકે દર્શનાબેન ગામીત (અરેઠ) ની નિમણૂક કરવામાં આવી હતી. તમામ સભ્યો આગામી 17 તારીખે સત્તાવાર પોતાનો પદભાર સંભાળશે.

જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય સભામાં થયેલી આ નિમણૂકો સાથે નવી ટીમે જિલ્લાના વિકાસને વધુ ગતિ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આગામી સમયમાં વિવિધ સમિતિઓ પોતાના વિભાગોને લગતા વિકાસલક્ષી કાર્યોને ઝડપી અને અસરકારક રીતે આગળ વધારશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

સભ્યએ પ્રશ્ન પૂછતા મહામંત્રીએ ઇશારાથી રોકી લીધા

પ્રથમ સામાન્ય સભામાં એક સભ્ય દ્વારા અધિકારીને વળતો પ્રશ્ન પુછવામાં આવ્યો હતો. પરંતુ સામાન્ય સભામાં હાજર અને આ સભ્યની પાછળ જ બેસેલા એક મહામંત્રીએ તેમને ટોક્યા હતા. અને પ્રશ્ન નહી પુછવા ઇશારો કર્યો હતો. આ સભ્ય પ્રજાલક્ષા પ્રશ્ન જ પુછતા હતા. પરંતુ ભાજપના ચૂંટાયેલા સભ્યોને સંગઠનના અનુશાસનમાં રહીને જાહેરમાં કોઈ વિવાદાસ્પદ કે અસહજ પ્રશ્નો ન પૂછવાની મૌખિક સૂચના આપવામાં આવી હોવાનું માનવામાં આવે છે. તેથી મહામંત્રીએ સભામાં સભ્ય પર 'લગામ કસવાનો' પ્રયાસ કર્યો હોવાની ચર્ચાઓ પણ ચાલી રહી છે.

વિવિધ સમિતિઓના અધ્યક્ષોની યાદી

- કારોબારી સમિતિઃ બ્રીજેશ પટેલ
- જાહેર આરોગ્ય સમિતિઃ નૈષધ રાઠોડ
- જાહેર બાંધકામ સમિતિઃ નિરવ લાડ
- શિક્ષણ સમિતિઃ હાર્દિક પટેલ
- સામાજિક ન્યાય સમિતિઃ હેમંત પટેલ
- ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિઃ સુનિતા વસાવા
- મહિલા અને બાળ વિકાસ તથા યુવા પ્રવૃત્તિઓ સમિતિઃ જ્યોતિ ચૌધરી
- હળપતિ અને ખેત મજૂરીના ગૃહ નિર્માણ સમિતિઃ અરવિંદ રાઠોડ
- અપીલ સમિતિઃ સમીર મોદી

RTE હેઠળ આ વર્ષે માત્ર 57 અરજી નામંજૂર

11,565 અરજીમાંથી 10,897ને પ્રવેશ મંજૂર

611 અરજી હજુ પેન્ડિંગ, પ્રથમ રાઉન્ડમાં સૌથી વધુ 10,226 અરજીને મંજૂરી

સુરતઃ આરટીઈ (રાઈટ ટુ એજ્યુકેશન) હેઠળ ખાનગી શાળાઓમાં પ્રવેશ માટે ચાર તબક્કામાં હાથ ધરાયેલી પ્રક્રીમાં કુલ 11,565 અરજીઓની ફાળવણી કરવામાં આવી હતી. તેમાંમાંથી અત્યાર સુધી 10,897 અરજીઓને પ્રવેશ માટે મંજૂરી આપવામાં આવી છે, જ્યારે માત્ર 57 અરજીઓ વિવિધ કારણોસર નામંજૂર કરવામાં આવી છે. હાલ 611 અરજીઓની પ્રક્રિયા પૂર્ણ થવાની બાકી હોવાથી તે પેન્ડિંગ છે.

પ્રથમ રાઉન્ડમાં સૌથી વધુ 10,606 અરજીઓની ફાળવણી કરવામાં આવી હતી. તેમાંથી 10,226 અરજીઓને પ્રવેશ માટે મંજૂરી આપવામાં આવી છે, 46 અરજીઓ નામંજૂર કરવામાં આવી છે અને 334 અરજીઓ હજુ પેન્ડિંગ છે. બીજા રાઉન્ડમાં 650 અરજીઓની ફાળવણી કરવામાં આવી હતી. તેમાં 491 અરજીઓને મંજૂરી મળી છે, 9 અરજીઓ નામંજૂર કરવામાં આવી છે, જ્યારે 150 અરજીઓની કાર્યવાહી હજુ ચાલુ છે. ત્રીજા રાઉન્ડમાં કુલ 208 અરજીઓની ફાળવણી કરવામાં આવી હતી. તેમાં 129 અરજીઓને મંજૂરી આપવામાં આવી છે, માત્ર એક અરજી નામંજૂર કરવામાં આવી છે અને 78 અરજીઓ હજુ પેન્ડિંગ છે. ચોથા રાઉન્ડમાં 101 અરજીઓની ફાળવણી કરવામાં આવી હતી. તેમાંથી 51 અરજીઓને મંજૂરી આપવામાં આવી છે, એક અરજી નામંજૂર કરવામાં આવી છે અને 49 અરજીઓની પ્રક્રિયા હજુ બાકી છે. ચારેય રાઉન્ડના સંયુક્ત આંકડા મુજબ કુલ 11,565 અરજીઓમાંથી 10,897 અરજીઓને પ્રવેશ માટે મંજૂરી મળી છે, જે કુલ ફાળવણીના અંદાજે 94.2 ટકા જેટલી થાય છે. માત્ર 57 અરજીઓ નામંજૂર થઈ છે, જ્યારે 611 અરજીઓ હજુ ચકાસણી અને પ્રવેશ પ્રક્રિયામાં પેન્ડિંગ છે. બાકી રહેલી અરજીઓનો નિકાલ થયા બાદ વધુ વિદ્યાર્થીઓને આરટીઈ હેઠળ ખાનગી શાળાઓમાં પ્રવેશ મળવાની શક્યતા છે.

સુમુલ ડેરીની ઉચ્છલ બેઠક ઉપર જાલમસિંગ વસાવા બિનહરીફ

રાજકીય દબાણમાં નિર્ણય લીધો છે, અદાલતમાં પડકારીશું: દર્શન નાયક

સુરતઃ સુરત-તાપી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી.(સુમુલ ડેરી) ની 16 તાલુકાની 16 બેઠકોની ચૂંટણી 15 જુલાઈએ યોજાય એ પેહલા જ ભાજપ પ્રેરિત મેન્ડેટ પેનલના 7 ઉમેદવારો બિન હરીફ ચૂંટાયેલા ચૂંટણી અધિકારીએ જાહેર કર્યા છે.

ઉચ્છલ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારનું નિધન ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે 4 જુલાઈ એ જ થતા ચૂંટણી અધિકારી નેહાબેન એન.સવાણીએ એ ભાજપના ઉમેદવાર જાલમસિંગ વસાવાની અરજી ગ્રાહ્ય રાખી તેઓને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા છે.જયારે ઉચ્છલ તાલુકા મતદાર સંઘના સમીર દામજી વસાવાની નવેસરથી ચૂંટણી યોજવાની અરજી ચૂંટણી અધિકારીએ ફગાવી દીધી હતી.

સુમુલ ડેરી સાથે સંકળાયેલી સાંધીએર દૂધ મંડળીના સભાસદ અને કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકે જણાવ્યું હતું કે, ચૂંટણી અધિકારીએ ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો ત્યારથી પક્ષપાત કર્યો છે.સત્તાધારી પક્ષના નેતાઓના દબાણમાં નિર્ણયો લીધા છે. ઉચ્છલ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર સુનિલ રતનજી ગામીતનાં નિધનના પુરાવા પણ ચૂંટણી અધિકારીએ ધ્યાને લીધા નથી.અમે તેઓના પક્ષપાતી,રાજકીય દબાણમાં લીધેલા નિર્ણયને અદાલતમાં પડકારીશું. દરમિયાન ચૂંટણી અધિકારીએ 16 પૈકી 7 બિનહરીફ ઉમેદવારોના નામો જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરતને મોકલી આપ્યા હતા.એમાં સંદીપ દેસાઈ (ચોર્યાસી), રાજુ ઉર્ફે રાજેશ પાઠક (માંગરોળ), જાલમસિંગ વસાવા (ઉચ્છલ),અજિત પટેલ (બારડોલી),ભરતસિંહ સોલંકી(પલસાણા) અને બળવંત પટેલ (કામરેજ) નો સમાવેશ થાય છે.

એક બેઠક પર બે પૈકી એક ઉમેદવારનું મૃત્યુ ચાલુ ચૂંટણીમાં થાય તો પણ બીજો ઉમેદવાર બિનહરીફ થઈ શકે

ચૂંટણી અધિકારી નેહા એન. સવાણી એ પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે, સહકારી અધિનિયમ 1976ના નિયમ-૩૦ માં મતદાન પહેલાં ઉમેદવારના મૃત્યુ બાબતની સ્પષ્ટ જોગવાઇઓ થયેલી છે. જે જોગવાઇ હરીફ ઉમેદવાર મૃત્યુ પામે તેના કિસ્સામાં લાગુ પડે છે. જ્યારે સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ના ઉચ્છલ તાલુકા મતદાર મંડળના ઉમેદવારશ્રી સુનીલભાઇ રતનજીભાઇ ગામીતનું હરીફ ઉમેદવાર તરીકે અહીંથી જાહેર કરવામાં આવે તે પહેલા જ યાને કે તા.૦૪/૦૭/૨૦૨૬ ના રોજ અવસાન થયેલ હોવાનું જણાય છે. જેથી ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતનાં નિયમો ૧૯૮૨ ના નિયમ-૩૦ માં કરવામાં જોગવાઇ આ કિસ્સામાં લાગુ પડતી નથી. આમ, તમામ હકીકતે ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ પહેલાં ઉમેદવારનું અવસાન થાય તો ઉમેદવારી સ્વાભાવિક રીતે સમાપ્ત થાય છે અને બાકીની ઉમેદવારીના આધારે ચૂંટણી પ્રક્રિયા આગળ વધે છે. જેથી સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના વ્યવસ્થાપક સમિતિની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ ના કામે ઉચ્છલ તાલુકા મતદાર મંડળમાંથી અત્રેથી માન્ય રીતે ઉમેદવારી ફોર્મ ભરેલ હોય તેવા ઉમેદવાર તરીકે જાહેર થયેલ ઉમેદવારશ્રી સુનીલભાઇ રતનજીભાઇ ગામીતનું હરીફ ઉમેદવાર તરીકે અત્રેથી જાહેર કરવામાં આવે તે પહેલા જ યાને કે તા.૦૪/૦૭/૨૦૨૬ ના રોજ અવસાન થયેલ હોવાથી સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના વ્યવસ્થાપક સમિતિની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ ના કામે ઉચ્છલ તાલુકા મતદાર મંડળમાંથી તેઓને હરીફ ઉમેદવાર તરીકે જાહેર કરવાના રહેતા ન હોય, એ સબબ આ હુકમ ફરમાવવામાં આવે છે.કલમ 31 હેઠળ બીજા ઉમેદવાર જાલમસિંગ વસાવાને બિનહરીફ જાહેર કરવામાં આવે છે.

હત્યા કેસમાં માંગરોળની ૬૫ વર્ષના મહિલાને આજીવન કેદ

જલાઉ લાકડા લઈ જવાને મુદ્દે માથામાં કુહાડી મારી હત્યા કરાઈ હતી

સુરતઃ જલાઉ લાકડા બાબતે બોલાચાલી કરી મહોલ્લાની મહિલાનાં માંથાના ભાગે કુહાડી મારી હત્યા કરનાર પડોશણને સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી. માંગરોળનાં ધોડબાર ગામે બનેલી ઘટનાની હકીકત મુજબ ફરિયાદી કાજલબેન વિપુલભાઇ ચૌધરીની દાદી સાસુ રમીલાબેન તા.૧૯/૦૧/૨૦૨૨ બાજુનાં ઘરનાં ઓટલા પર આરામ કરતાં હતા ત્યારે કુહાડી સાથે ૬૫ વર્ષના આરોપી કાલુબેન ચૌધરી ધસી આવી તુ કેમ અમારા ઘરના વાડાનાં જલાઉ લાકડા લઈ આવી સળગાવી દે છે. તને આજે જાનથી મારી નાખીશ તેમ કહી માથાનાં ભાગે કુહાડીનાં પ્રહાર કરી હત્યા કરી હતી. આ કેસમાં માંગરોળ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આરોપી મહિલા સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. બચાવ પક્ષે ઘરકકાસમાં ફરિયાદીએ જ હત્યા કરી દોષનો ટોપલો આરોપી પર ઢોળી દીધાની દલીલ કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ એ પી વસોયા કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી કાલુબેનને દોષિત ઠેરવી આજીવન કેદની સજા અને ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

કતારગામમાં ૧.૯૪ લાખના ગાંજા સાથે એક ઝડપાયો

ડ્રગ્સ સપ્લાય કરનાર અન્ય એક સાગરીતને વોન્ટેડ જાહેર કરાયો

સુરતઃ કતારગામ પોલીસે કતારગામ ફુલપાડા રોડ પર આવેલા એક મકાનમાં રેડ પાડીને રૂપિયા ૧.૯૪ લાખની કિંમતના ૩.૮૮૫ કિલોગ્રામ પ્રતિબંધિત ગાંજાના જથ્થા સાથે એક મજૂર ઈસમને રંગેહાથ દબોચી લીધો છે. પોલીસે ગુનો નોંધી નશાનો આ કાળો કારોબાર ચલાવતી આખી ચેઈનને તોડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

કતારગામ પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ફુલપાડા રોડ સ્થિત સ્મૃતિ સોસાયટી વિભાગ-રના એક મકાનમાં નશાનો જથ્થો છુપાવાયો છે. બાતમીના આધારે પોલીસે સ્મૃતિ સોસાયટીના પ્લોટ નં. ૨૯૪-૯૬, ઘર નં. બી/૬ના બીજા માળે આવેલા રૂમમાં ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસ સર્ચ ઓપરેશન દરમિયાન રૂમમાંથી વજનદાર માત્રામાં પ્રતિબંધીત ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના વતની અને હાલ કતારગામમાં મજૂરી કામ કરતા ૪૬ વર્ષીય આરોપી રૂના ઘનશ્યામ શાહુને ઝડપી લીધો હતો. પોલીસે તેની પાસેથી રૂ.૧,૯૪,૨૫૦ની કિંમતનો ૩.૮૮૫ કિલોગ્રામ ગાંજો, રૂ.૩,૨૦૦ની રોકડ રકમ અને રૂ.૫,૦૦૦નો એક મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨,૦૨,૪૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.કતારગામ પોલીસે આરોપી રૂના શાહુ સામે એન.ડી.પી.એસ. (NDPS) એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં આ નશાનો જથ્થો પૂરો પાડનાર મુખ્ય સપ્લાયરનું નામ સામે આવતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

એક વર્ષ ભોગવ્યા બાદ યુવતીને તરછોડી દેનાર નરાધમની ધરપકડ

ડિવોર્સીને ઇન્સ્ટાગ્રામ પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી પ્રેમજાળમાં ફસાવી હતી

સુરતઃ મૂળ ભાવનગરની અને હાલ વરાછા વિસ્તારમાં રહેતી 26 વર્ષીય ડિવોર્સી યુવતીનો એક વર્ષ પહેલાં કતારગામના યુવક સાથે સોશિયલ મીડિયા મારફતે સંપર્ક થયો હતો. બંને વચ્ચે થયેલી મિત્રતા બાદમાં પ્રેમ સંબંધમાં પરિણમી હતી. લગ્નનો વાયદો કરી એક વર્ષ ભોગવ્યા બાદ તેણે યુવતીને તરછોડી દીધી હતી.

મળતી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના પાલીતાણાની ૨૬ વર્ષીય યુવતીનો આશરે એક વર્ષ પૂર્વે, જુલાઈ ૨૦૨૫માં યુવતીના ઈન્સ્ટાગ્રામ આઈડી પર સુરેશ બાબુભાઈ રાઠોડ નામના શખ્સની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. યુવતીએ આ રિક્વેસ્ટ સ્વીકારતા બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી અને મિત્રતા ગાઢ બની હતી. દરમિયાન, બંને અવારનવાર વરાછા ચોપાટી અને ધોળકીયા ગાર્ડન ખાતે મળતા હતા. મુલાકાતો દરમિયાન આરોપી સુરેશ રાઠોડે યુવતી સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો.

યુવતીએ પોતાના ભૂતકાળના છૂટાછેડા અંગેની તમામ હકીકત જણાવી હોવા છતાં, આરોપીએ તેને સ્વીકારવાની ખાતરી આપી હતી અને પરિવાર નહીં માને તો કોર્ટ મેરેજ કરવાની પણ તૈયારી દર્શાવી હતી. લગ્નની લાલચ આપી આરોપી સુરેશ રાઠોડ ઓગસ્ટ ૨૦૨૫માં યુવતીને કતારગામ ડભોલી રોડ પર શિવાલિક કોમ્પ્લેક્સમાં આવેલી એક ઓયો હોટેલમાં લઈ ગયો હતો, જ્યાં યુવતીની મરજી વિરુદ્ધ પ્રથમ વખત શરીર સંબંધ બાંધ્યો હતો. એટલું જ નહીં, ફેબ્રુઆરી ૨૦૨૬માં આરોપી યુવતીને ટ્રેન મારફતે ઓમકારેશ્વર અને ઉજ્જૈન ફરવા લઈ ગયો હતો અને ત્યાંની હોટેલમાં પણ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. જ્યારે પણ પીડિતા દ્વારા લગ્ન કરવા અંગે દબાણ કરવામાં આવતું, ત્યારે આરોપી સુરેશ રાઠોડ કોઈને કોઈ બહાના હેઠળ સમય પસાર કરતો હતો. બાદમાં તેના પરિવારે લગ્નની ના પાડી હોવાનું કહીને તેણે પીડિતા સાથે લગ્ન કરવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં અંતે પીડિતાએ વરાછા પોલીસ મથકનો આશરો લીધો હતો. વરાછા પોલીસે પીડિત યુવતીની ફરિયાદના આધારે મૂળ વલ્લભીપુરના અને હાલ કતારગામ ડભોલી રોડ પર રહેતા આરોપી સુરેશ બાબુભાઈ બીજલભાઈ રાઠોડ (ઉ.વ. ૨૮) વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી લીધી છે.

સુરત જિલ્લાના દરેક તાલુકામાં 24 કલાક કંટ્રોલ રૂમ કાર્યરત રહેશે

આપત્તિ સમયે 1077 હેલ્પલાઇન પર તાત્કાલિક સંપર્ક કરવા અપીલઃ જિલ્લા કલેક્ટર

સુરતઃ સુરત જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસાદની તીવ્રતામાં ઘટાડો નોંધાયો હતો. જોકે આજે બપોરે તો વરસાદે ધબધબાટી બોલાવી હતી. જિલ્લા વહીવટી તંત્રે કોઈપણ પ્રકારની ઢીલ દાખવી નથી. આગામી દિવસોમાં હવામાનમાં અચાનક ફેરફાર અને ભારે વરસાદની શક્યતાઓને ધ્યાનમાં રાખીને સમગ્ર વહીવટી તંત્રને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. જિલ્લાના તમામ તાલુકાઓમાં 24 કલાક કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે, જ્યારે ફાયર બ્રિગેડ, પોલીસ, આરોગ્ય અને અન્ય બચાવ એજન્સીઓને પણ સજ્જ રહેવા સૂચના આપવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર તેજસ પરમારે જણાવ્યું હતું કે, ચોમાસાની સમગ્ર સિઝન દરમિયાન વરસાદની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા દર ત્રણ-ત્રણ કલાકે જાહેર થતી આગાહીના આધારે વહીવટી તંત્ર જરૂરી નિર્ણય લઈ રહ્યું છે. હાલ વરસાદની ગતિ ધીમી પડી છે, પરંતુ કોઈપણ સમયે સ્થિતિ બદલાઈ શકે તેવી સંભાવનાને ધ્યાનમાં રાખીને તમામ વિભાગોને એલર્ટ મોડ પર રાખવામાં આવ્યા છે. જિલ્લામાં ચાલુ ચોમાસા દરમિયાન અત્યાર સુધી સરેરાશ 382.25 મીમી વરસાદ નોંધાયો છે.

આજે સવારે 6 વાગ્યાથી નોંધાયેલા વરસાદમાં જિલ્લામાં સરેરાશ 4.5 મીમી વરસાદ થયો હતો. જેમાં કામરેજ, ચોર્યાસી, પલસાણા, મહુવા અને ઓલપાડ તાલુકામાં અન્ય વિસ્તારોની સરખામણીએ વધુ વરસાદ નોંધાયો છે.

કલેક્ટરે જણાવ્યું હતું કે, જિલ્લામાં કોઈપણ પ્રકારની આપત્તિ કે મુશ્કેલી સર્જાય તો નાગરિકોએ અફવાઓ પર વિશ્વાસ ન કરવો અને સોશિયલ મીડિયામાં ફેલાતી અપ્રમાણિત માહિતીથી દૂર રહેવું જોઈએ. સાચી અને સત્તાવાર માહિતી માટે જિલ્લા તંત્રના માધ્યમોનો ઉપયોગ કરવો તેમજ તાત્કાલિક મદદ માટે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કંટ્રોલ રૂમના હેલ્પલાઈન નંબર 1077 પર સંપર્ક સાધવો.

નીચાણવાળા વિસ્તારો અને જળાશયો નજીક રહેતા લોકોને ખાસ સાવચેતી રાખવી

જિલ્લા વહીવટી તંત્રના જણાવ્યા મુજબ તમામ મામલતદાર કચેરીઓના કંટ્રોલ રૂમ, ફાયર બ્રિગેડ, આરોગ્ય વિભાગ અને અન્ય ઇમરજન્સી સેવાઓ વચ્ચે સતત સંકલન રાખવામાં આવી રહ્યું છે, જેથી કોઈપણ કુદરતી પરિસ્થિતિમાં ઝડપથી રાહત અને બચાવ કામગીરી શરૂ કરી શકાય. જિલ્લા તંત્રે નદી-નાળા, નીચાણવાળા વિસ્તારો અને જળાશયો નજીક રહેતા લોકોને ખાસ સાવચેતી રાખવા અને જરૂરી સૂચનાઓનું પાલન કરવાની પણ અપીલ કરી છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

સુરત સિટીમાં...

વ્યક્ત કરી છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી બે દિવસ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વહીવટી તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં ખાસ સાવચેતી રાખવા તેમજ વીજળીના કડાકા દરમિયાન ખુલ્લી જગ્યાએ ન રહેવાની સલાહ આપવામાં આવી છે. બીજી બાજુ મહત્તમ તાપમાન આજે અડધો ડિગ્રી વધીને 31.4 ડિગ્રી નોંધાયું છે. લઘુત્તમ તાપમાન આશરે બે ડિગ્રી વધીને 25.6 ડિગ્રી નોંધાયું છે. હવામાં 98 ટકા ભેજ સાથે 4 કિમીની ઝડપે ઉત્તરનો પવન ફુંકાયો હતો.

સુરત શહેરમાં સોમવારે સાંજે 4 થી 6 દરમિયાન ખાબકેલા તોફાની વરસાદે સુરત મહાનગર પાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓની ઇજ્જતના લીરેલીરા ઉડાવી દીધા હતા. સૌથી ગંભીર કહી શકાય તે બાબત એ છે કે, દિલ્હી ગેટથી ચોક, અડાજણથી રાંદેર, પાલ અને પાલનપોર, ચોકથી મજૂરા ગેટ, પાંડેસરાથી ઉધના દરવાજા, ઉધના દરવાજાથી નવસારી બજાર રિંગરોડ, ચૌટાબજાર ગરનાળાથી પૂણા અને હીરાબાગ સુધી એક માર્ગ એવો ન હતો જ્યાં પાણી ભરાયા નહીં હોય. સૌથી ગંભીર બાબત તો એ છે કે, શહેર ડૂબી ગયું ત્યારે ગટરો અને ડ્રેનેજ ચેમ્બર ખોલવાવી ફરજ પડી હતી. સુરતમાં 20થી વધુ વૃક્ષો તૂટી પડ્યા હતાં. સાંજે 5:00 વાગ્યે શાળાએથી નીકળેલા વિદ્યાર્થીઓ પણ રસ્તા વચ્ચે જ અટવાઈ ગયા હતા. સાથે સાથે નોકરીથી છુટેલા લોકો પણ અટવાયા હતા. શહેરમાં કુલ 31 જગ્યાએ પાણી ભરવાની ફરિયાદો કંટ્રોલ રૂમમાં નોંધાઈ હતી જ્યારે ભેદવાડ ખાડીએ ભયજનક સપાટી વટાવી હતી.

પીએમ રિપોર્ટમાં...

ગુનો નોંધી બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલ્યા છે. હવે પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મોતનું વાસ્તવિક કારણ સામે આવશે. રિપોર્ટના આધારે તપાસની આગળની દિશા નક્કી થશે અને જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

દશેરાના દિવસે ...

તમામ ઇમરજન્સી નંબરો બંધ થઈ ગયા હતા. આ ઉપરાંત સૌથી મહત્વની કહેવાતી ત્રણ હોટ લાઇન સેવાઓ જેમાં જીઈબી, ગુજરાત ગેસ અને એરપોર્ટની લાઇનો પણ બંધ થઈ ગઈ હતી. અંદાજિત પોણો કલાક સુધી તમામ નંબરો અને લાઇનો બંધ રહેતા લોકો પારાવાર મુશ્કેલીમાં મુકાયા હતા. એટલું જ નહીં પરંતુ સુરત મહાનગરપાલિકાની સૌથી અત્યાધુનિક ટેકનોલોજથી સજ્જ ફાયર બ્રિગેડ વિભાગના વાયરલેસ સિસ્ટમ પણ બંધ થઈ ગઈ હતી. જેના કારણે કંટ્રોલ વિભાગ તથા શહેરના તમામ ફાયર સ્ટેશન વચ્ચેના સંપર્કો વિખેરાઈ ગયા હતા. આ ઉપરાંત ઘટના સ્થળે કામ કરવા માટે પહોંચતી ફાયર બ્રિગેડની ટીમ પણ કંટ્રોલ વિભાગ કે ફાયર સ્ટેશન પર સીધો સંપર્ક કરી શકતી નહોતી. ઉલ્લેખનીય છે કે સાંજે 8 વગ્યા સુધી પણ વાયરલે સિસ્ટમ ચાલુ થવા પામી ન હતી.

48 કલાકમાં...

બમ્બરૂલામાં 13 મીમી તથા ઉકાઈ વિસ્તારમાં 23 મીમી વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત આજે બપોરે 4થી 5 વાગ્યાના એક કલાકના ગાળામાં ઉકાઈ ડેમ વિસ્તારમાં અંદાજે બે ઈંચ વરસાદ વરસ્યો હતો, જેના કારણે ડેમમાં પાણીની આવકમાં ઝડપથી વધારો થયો હતો. ઉપરવાસમાં પડેલા વરસાદની સાથે સાથે હથનુર ડેમમાંથી 5,000 ક્યુસેક અને પ્રકાશા બેરેજમાંથી 23,000 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

એક ફ્લાઇટ...

માટે નિર્ધારિત હતી. પરંતુ પ્રતિકૂળ હવામાન અને ઓછી વિઝિબિલિટીના કારણે એરલાઇને આ ફ્લાઇટ રદ કરવાની ફરજ પડી હતી.

સુરત આવતી...

ઉતરાણ કર્યું હતું. જ્યારે દિલ્હીથી આવતી ઇન્ડિગોની એક ફ્લાઇટ પ્રતિકૂળ હવામાનને કારણે સુરતના બદલે નાશિક તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. બાદમાં હવામાનમાં સુધારો થતાં તે સુરત પરત ફરી અને સલામત લેન્ડિંગ કર્યું હતું.

દિલ્હી-સુરત :દિલ્હીથી સુરત આવેલી એર ઇન્ડિયા એક્સપ્રેસની રાત્રિ ફ્લાઇટને પણ ભારે વરસાદ અને ઓછી વિઝિબિલિટીના કારણે સુરતના આકાશમાં થોડો સમય ચક્કર લગાવવા પડ્યા હતા. અનુકૂળ પરિસ્થિતિ સર્જાતા પાયલોટે સુરક્ષિત રીતે વિમાન ઉતાર્યું હતું.

મોટી દમણ...

દરિયામાં ન ઉતરવા પ્રશાસને અપીલ સાથે ચેતવણી જાહેર કરી છે. દમણમાં મોડી રાત્રિ દરમિયાન 6.3 ઈંચ જેટલો વરસાદ વરસવા પામ્યો હતો. ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં ફરી એકવાર મેઘાનું તાંડવ જોવા મળ્યું છે, જિલ્લાના અમુક પંથકોમાં મધ્યમ તો કેટલાક વિસ્તારોમાં સાંબેલાધાર વરસાદ ખાબકતા અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદીઓ બંને કાંઠે વહેતી થઈ છે. વલસાડ મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે સહિત જિલ્લાના વિવિધ માર્ગો પર પણ વરસાદી પાણી ભરાવાની સ્થિતિ જોવા મળી હતી. હાઈવે પર અનેક સ્થળોએ પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને વાહનવ્યવહાર ધીમો બન્યો હતો. કેટલાક સ્થળોએ વાહનોની લાંબી કતારો પણ જોવા મળી હતી. જેમાં ખાસ કરીને ઉમરગામમાં 4.72 ઈંચ વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ત્રણ જેટલા નીચાનવાળા માર્ગો પુલો ઉપર પાણી ફરી વળતા સુરક્ષા કારણોસર બંધ કરી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

સુરત મુંબઇ...

હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

વરસાદી માહોલમાં મહુવા અને અંબિકા તાલુકામાં મકાનોને નુકસાન

સુરત : ભારે વરસાદ અને તેજ પવનના કારણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ નુકસાનના બનાવો સામે આવ્યા હતા. મહુવા તાલુકાના ફુલવાડી ગામે સુરેશભાઈ પટેલના કાચા મકાનના છાપરાનો પાછળનો ભાગ તૂટી પડ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. બીજી તરફ અંબિકા તાલુકાના બાંભણીયા ગામે સુમનભાઈના જૂના મકાનનો એક તરફનો ભાગ ધરાશાયી થયો હોવાનું જાણવા મળ્યું છે.

ભૂસ્ખલનને કારણે 3 ટ્રેનો ડાયવર્ટ કરાઈ

- 22920 અમદાવાદ-ચેન્નઈ સેન્ટ્રલ એક્સપ્રેસઃ હવે નિયમિત રૂટના બદલે સુરત-પાલધી-જલગાંવ-મનમાડ-દૌંડ થઈને દોડશે.
- 11092 પુણે-ભુજ એક્સપ્રેસઃ આ ટ્રેન હવે દૌંડ-મનમાડ-જલગાંવ-પાલધી-સુરત થઈને આગળ જશે.
- 12298 પુણે-અમદાવાદ દુરંતો એક્સપ્રેસઃ આ ટ્રેન હવે દૌંડ કોર્ડ-મનમાડ-ઇગતપુરી-કલ્યાણ માર્ગેથી ચલાવવામાં આવશે.

સ્ટેશનો પર...

જવા માટે મજબૂર હતા તેમના માટે રેલવે પ્રશાસને ગુજરાત રાજ્ય પરિવહન નિગમ (GSRTC) સાથે સંકલન સાધીને સ્ટેશનોની બહાર જ ખાસ એસટી બસોની વ્યવસ્થા ઊભી કરી હતી.

ચાર દિવસ ભારે વરસાદનું રેડ એલર્ટ, રાજુલા 11 ઈંચ વરસાદથી જળબંબાકાર

777 લોકોનું સ્થળાંતર અને 60નું રેસ્ક્યુ, સરદાર સરોવરમાં જળસંગ્રહ 65 ટકા પહોંચ્યો

NDRF-SDRFની 35 ટીમો તૈનાત, માછીમારોને 9 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના

ગાંધીનગર : ગુજરાતમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસાએ હવે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. આજે સાંજે 6 વાગ્યા સુધીમાં રાજ્યના સરેરાશ 98 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો, જેમાં સૌથી વધુ સુરત સિટીમાં 4.41 ઈંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત વલસાડના વાપીમાં 4.13 ઈંચ, પારડીમાં 4.09 ઈંચ અને મહીસાગરના ખાનપુરમાં 3.86 ઈંચ વરસાદ નોંધાયો હતો. સુરતના કામરેજમાં 3.31 ઈંચ અને નર્મદાના સાગબારામાં 3.11 ઈંચ વરસાદ પડ્યો હતો. રાજ્યના અનેક તાલુકાઓમાં 1થી 3 ઈંચ વચ્ચે વરસાદ વરસતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. બીજી તરફ છેલ્લા 24 કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસતાં અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરતાં સમગ્ર વહીવટી તંત્રને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. ભારે વરસાદને પગલે નવસારી, જૂનાગઢ, તાપી, ડાંગ, ગીર સોમનાથ, પોરબંદર અને અમરેલી જિલ્લામાંથી અત્યાર સુધીમાં કુલ 777 નાગરિકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યા છે, જ્યારે પૂરના પાણીમાં ફસાયેલા 60 નાગરિકોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.

કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા NDRFની 10 અને SDRFની 25 મળી કુલ 35 ટીમોને સંવેદનશીલ જિલ્લાઓમાં તૈનાત કરવામાં આવી છે. ઉપરાંત NDRFની 4 અને SDRFની 8 ટીમોને રિઝર્વ રાખવામાં આવી છે. ભારે વરસાદ અને પવનના કારણે રાજ્યના 2,804 ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. ઊર્જા વિભાગે યુદ્ધના ધોરણે કામગીરી કરીને 2,738 ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કર્યો છે, જ્યારે બાકીના 66 ગામોમાં કામગીરી ચાલુ છે.

ભારતીય હવામાન વિભાગે 7થી 10 જુલાઈ દરમિયાન સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી, દમણ-દાદરા અને નગર હવેલી ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી તથા ભાવનગર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

રાજ્યનો છેલ્લા 24 કલાકનો વરસાદ

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના કુલ 164 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં 11 ઈંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે અન્ય તાલુકાઓ પૈકી અમરેલીના ધારીમાં 9.21 ઈંચ, ખાંભામાં 6.81 ઈંચ, ડાંગના સુબીરમાં 5.16 ઈંચ, અમરેલીના સાવરકુંડલામાં 5.04 ઈંચ, જાફરાબાદમાં 4.92 ઈંચ, ડાંગના આહવામાં 4.57 ઈંચ, સાબરકાંઠાના વિજયનગરમાં 4.49 ઈંચ, અમરેલીના બગસરામાં 4.29 ઈંચ તેમજ ગીર સોમનાથના ઉના અને અમરેલીના લીલીયામાં 4.21-4.21 ઈંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત ભાવનગરના જેસરમાં 3.58 ઈંચ, નવસારીના ચીખલીમાં 3.27 ઈંચ, ભાવનગરના મહુવામાં 2.99 ઈંચ, વલસાડના વાપીમાં 2.95 ઈંચ, ભાવનગરના ગારીયાધારમાં 2.80 ઈંચ, તાપીના ડોલવણમાં 2.76 ઈંચ, ગીર સોમનાથના ગીર ગઢડામાં અને વલસાડના ઉમરગામમાં 2.72-2.72 ઈંચ, નવસારીના ગણદેવીમાં 2.64 ઈંચ, ગીર સોમનાથના કોડીનારમાં 2.60 ઈંચ, તાપીના વ્યારામાં 2.48 ઈંચ, સુરેન્દ્રનગરના ચુડામાં 2.17 ઈંચ, સુરતના અંબિકામાં અને વલસાડના કપરાડામાં 2.09-2.09 ઈંચ, તાપીના વાલોડમાં 2.05 ઈંચ, અમરેલી તાલુકામાં 2.01 ઈંચ તેમજ મહેસાણા તાલુકામાં 1.97 ઈંચ વરસાદ નોંધાયો હતો.

રાજ્યનો સરેરાશ વરસાદ 17 ટકા પહોંચી ગયો

રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ 17 ટકા સુધી પહોંચી ગયો છે. જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં સૌથી વધુ 23 ટકાથી વધુ, દક્ષિણ ગુજરાત ઝોનમાં 20 ટકાથી વધુ, પૂર્વ-મધ્ય ગુજરાત ઝોનમાં 12 ટકાથી વધુ અને ઉત્તર ગુજરાત ઝોનમાં 10 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે કચ્છ ઝોનમાં હજુ માત્ર 0.42 ટકા વરસાદ નોંધાયો છે. ઉપરવાસમાંથી પાણીની સતત આવકને પગલે સરદાર સરોવર ડેમમાં હાલમાં 2.15 લાખ એમસીએફટી એટલે કે આશરે 65 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. રાજ્યના અન્ય 206 જળાશયોમાં પણ 2.09 લાખ એમસીએફટી પાણીનો સંગ્રહ થયો છે. રાજ્યના બે ડેમ સંપૂર્ણ ભરાઈ ગયા છે, જ્યારે 18 ડેમ 70 ટકાથી વધુ, 20 ડેમ 50 ટકાથી વધુ અને 49 ડેમ 25 ટકાથી વધુ ભરાયેલા છે. હાલ 6 ડેમ હાઈ એલર્ટ, 7 ડેમ એલર્ટ અને 7 ડેમ વોર્નિંગ લેવલ પર છે.